# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૭ તા.૨૧-૮-૧૯

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- ઔષધીય વનસ્પતિના ઘરગથ્થુ ઉપયોગ અંગે જનજાગૃતિ કાર્યક્રમ બાબત.
સંદર્ભ :- ક્રમાંક પ્રાશિનિ/સંકલન/ઔષધીય વનસ્પતિ/૨૦૧૯/૪૦૯૫-૪૧૮૧ તા.૧૯-૮-૨૦૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત રાજય ઔષધીય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગર દ્વારા રાજય સરકારની યોજના અંતર્ગત તમામ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ ઔષધીય વનસ્પતિઓના ઘરગથ્થુ ઉપયોગ બાબતે જાણકારી આપવી તથા આ અંગે જનજાગૃતિ લાવવાના કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજય ઔષધીય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગર દ્વારા રિસોર્સ પર્સનની નિમણૂંક કરવામાં આવેલ છે. આ રિસોર્સ પર્સન તમારી શાળામાં આવે ત્યારે તેને યોગ્ય સહકાર આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૧-૮-૧૯

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ

બ્લોક નં. ૧૯, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ઈમેલ:smpbgujarat@gmail.com વેબસાઇટ:www.gmpb.gujarat.gov.in

ફોન નંબર:૦૭૯-૨૩૨-૫૫૮૧૬ ફેક્સ નંબર:૦૭૯-૨૩૨-૫૫૮૧૨


જા.નં. જી.એમ.પી.બી/ટે-૩/ ૫૬૫ - ૬૬ /૨૦૧૯-૨૦ તા. ૪/૭/૨૦૧૯

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણ,
બ્લોક-૧૨, પહેલો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

વિષય:- પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને ઔષધીય વનસ્પતિના ઘરગથ્થુ ઉપયોગ અંગે જનજાગૃતિ કાર્યક્રમ માટે સાથ-સહકાર આપવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ દ્વારા રાજ્ય સરકારની યોજના અંતર્ગત ગુજરાત રાજ્યના કુલ તમામ જીલ્લાઓમાં (૩૩ જીલ્લામાં) પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને ઔષધીય વનસ્પતિઓના ઘરગથ્થુ ઉપયોગ બાબતે જાણકારી આપવી અને તે અંગે જનજાગૃતિ લાવવા બાબતના કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવે છે. આ કામગીરી બોર્ડ દ્વારા અધિકૃત કરેલ રીસોર્સ પર્સનને સોંપવામાં આવેલ છે.

શાળાના વિદ્યાર્થીઓ નીરોગી રહે, ઔષધીય વનસ્પતિઓના ઘરગથ્થુ ઉપયોગો બાબતે જાણકાર થાય અને તેના સંરક્ષણ માટેની જાણકારી અર્થે જાગૃતિ લાવવાની યોજના સબબ બોર્ડ દ્વારા નક્કી કરેલ રીસોર્સ પર્સનને શાળાઓના આચાર્ય તથા રાજ્યના તમામ જીલ્લા શિક્ષણ અધિકારી તરફથી સંપૂર્ણ સાથ સહકાર મળી રહે તે માટે અત્રેની જાણ હેઠળ પરિપત્ર પાઠવવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

પરિપત્ર કરો
શ્રીમાન નિયામકશ્રીના પંચાયત
૧૪/૭/૧૯

ડૉ. જગદીશ પ્રસાદ આઈ.એફ.એસ. (નિ)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

(૧) નકલ સવિનય રવાના :- તમામ
જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત તરફ સહકાર આપવા વિનંતી સહ

Scanned by CamScanner

**ઔષધીય વનસ્પતિના ઘરગથ્થુ ઉપયોગ અંગે જનજાગૃતિ કાર્યક્રમ બાબત**

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/ઔષધીય વનસ્પતિ/૨૦૧૯/૪૦૯૫-૪૨૮૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૧૬/૦૮/૨૦૧૯
૨૯

વંચાણે લીધા:- ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક:- જી.એમ.પી.બી./ટે-૩/ ૫૬૫-૬૬/૨૦૧૯-૨૦ તા.૦૪/૦૭/૨૦૧૯

<u>પરિપત્ર:-</u>

ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગર દ્વારા રાજય સરકારની યોજના અંતર્ગત તમામ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ ઔષધીય વનસ્પતિઓના ઘરગથ્થુ ઉપયોગ બાબતે જાણકારી આપવી અને તે અંગે જનજાગૃતિ લાવવા બાબતના કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવે છે. આ કામગીરી બોર્ડ દ્વારા અધિકૃત કરેલ રીસોર્સ પર્સનને સોંપવામાં આવેલ છે. બોર્ડ દ્વારા નકકી કરેલ રીસોર્સ પર્સનને શાળાઓના આચાર્યશ્રી તથા રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિરીશ્રી તરફથી સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે. આ સાથે સામેલ ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગરના તા.૦૪/૦૭/૨૦૧૯ના પત્રને ધ્યાને લઇ આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં ઉકત વિગતોની સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ

**નકલ સવિનય રવાના:-**
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ, બ્લોક નં. ૧૯/૩ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned by CamScanner